# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૬૫ તા.૨-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (ગ્રામ્ય અને શહેર) અમદાવાદનાં સંયુક્ત ઉપક્રમે ૫મી સપ્ટેમ્બર ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.રાધાકૃષ્ણનનના જન્મદિનને **'શિક્ષક દિન'** તરીકે ઉજવવામાં આવનાર છે. આ શિક્ષકદિનનો કાર્યક્રમ આ વર્ષે તાલુકા અને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનો એવોર્ડ વિતરણ કાર્યક્રમ તા.૫-૯-૧૬ ના રોજ સવારે ૮.૦૦ કલાકે ટાગોર હૉલ ખાતે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં સને ૨૦૧૪ પછી નિમાયેલા તમામ વિદ્યાસહાયકોને સવારે ૮-૦૦ કલાકે ટાગોર હૉલ ખાતે ફરજિયાત હાજર રહેવા જણાવવામાં આવે છે.આ કાર્યક્રમમાં તમામ સી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રીઓએ પણ હાજર રહેવાનું રહેશે.

તા.૨-૯-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

**પરિપત્ર નં.૬૬ તા.૨-૯-૧૬**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- વર્ષ ૨૦૧૬-૧૭ની અપંગ શિષ્યવૃત્તિ બાબત.**

**સંદર્ભ :- જા.નં.સસુઅ/અમદ/૧૬૦૨/૨૦૧૬-૧૭ તા.૪-૮-૧૬ના પત્રના અનુસંધાને**

રાજ્ય સરકારના સમાજ સુરક્ષાખાતા દ્વારા વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે. જેમાં શાળામાં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ વિકલાંગ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેવા જોઈએ નહીં. જે અન્વયે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીના સંદર્ભમાં જણાવેલ પત્ર મુજબ ધો.૧ થી ૮માં અભ્યાસ કરતાં અપંગ વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૧૬-૧૭ની શિષ્યવૃત્તિ મેળવવા માટેના કોરા ફોર્મ નીચે જણાવેલ સરનામેથી લાવી ભરીને તા.૧૫-૯-૧૬ સુધી પરત જમા કરાવશો.

ચાલુ સાલે વિદ્યાર્થીઓને આવકનો દાખલો જોડવાનો રહેતો નથી તેમજ વિકલાંગ શિષ્યવૃત્તિમા હવેથી (ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર) હેઠળ આવરી લેવાનો હોય તો આ પરિપત્ર સાથે જોડેલ પત્રકમાં આપેલ વિગતો લીગલ સાઈઝના કાગળમાં પૂરેપુરી ભરીને ફરજિયાત આપવા જણાવવામાં આવે છે તેમજ શિષ્યવૃત્તિના ફોર્મ સાથે જોડવાના થતાં પુરાવામાં વિદ્યાર્થીના આધારકાર્ડ, બેંક એકાઉન્ટની વિગત, માર્કશીટ, વિકલાંગતાનો પુરાવો ફોર્મ સાથે બિડાણ કરી મોકલી આપવાના રહેશે.

વધુમાં આપને મોકલવામાં આવેલ ''૨૨'' ખાનાના પત્રક ભરવામાં કોઈ મુશ્કેલી જણાય તો કોરા ફોર્મ લેવા જાવ ત્યારે સમાજ સુરક્ષા કચેરીમાં આ અંગે સ્પષ્ટતા કરી લેશો તેમજ આ પત્રક કોમ્પ્યુટરાઈઝડ લીગલ સાઈઝમાં બે નકલમાં તૈયાર કરી એક નકલ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીએ અને બીજી નકલ શાળા દફતરે રાખશો.

કોરા તથા ભરેલા ફોર્મ આપવા તેમજ લેવા માટેનું સરનામું નીચે મુજબ છે.

બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ<br>
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,<br>
બ્લોક બી, ભોંયતળીયે, બહુમાળી મકાન,અપના બજાર, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧

તા.૨-૯-૧૬ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

નોંધ :- **જે શાળાઓને વર્ષ-૨૦૧૫-૧૬નું સ્કોલરશીપનું ચલણ ભરવાનું બાકી છે તેમણે પરિપત્ર નં. ૮૦/ તા.૩.૧૦.૧૫માં જણાવેલ તારીખ તથા સમય પ્રમાણે આવી ચલણ ભરી જવું**

# વર્ષ ૨૦૧૫-૧૬માં ચૂકવવામાં આવેલ વિકલાંગ શિષ્યવૃત્તિની વિગત

શાળાનું નામ                ઝોન :-                જા.નં.        તારીખ :

| અ.નં. | લાભાર્થીનો યુઆઈડી નંબર | લાભાર્થીના વાલીનો (બેંક એકા. ધરાવનાર) યુઆઈડી નંબર | ઈલેકશન કાર્ડ નંબર | લાભાર્થીનું નામ | જાતિ (પુરૂષ/ સ્ત્રી) | પિતાનું નામ | માતાનું નામ | જન્મ તારીખ | સરનામું | ગામ | તાલુકો | જિલ્લો / રાજ્ય | પીન કોડ નંબર | મોબાઈલ નંબર | ઈ.મેઈલ એડ્રેસ | બેંક/ પોસ્ટનું નામ | એકા. નંબર | શાખાનું નામ | IFSC કોડ નંબર | રેશન કાર્ડ નંબર | બીપીએલ કાર્ડ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |

મુખ્ય શિક્ષકનો સહી/ સિક્કો